–: પ્રેસનોટ :–

અમદાવાદ શહેરમાં સાબરમતી નદી પર આવેલ ગાંધી બ્રીજને મેન્ટેનન્સ કરવાની કામગીરી હાલમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કોન્ટ્રાક્ટર રાજકમલ બિલ્ડર્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લી. દ્વારા કરવામાં આવી રહેલ છે. જે સદર કામમાં દિલ્હી દરવાજાથી ઇન્કમટેક્ષ બ્રીજ બાજુ જતા ગાંધી રિવર બ્રીજ એક સાઇડના ભાગે બ્રીજને મેન્ટેનન્સ કામગીરી અર્થે ગેન્ટરી ફિક્સિંગ કરી મેન્ટેનન્સની કામગીરી કરવામાં આવનાર હોય **તા.૨૯/૧૧/૨૦૨૫ થી તા.૧/૧૨/૨૦૨૫ સુધીના ફક્ત રાત્રી કલાક ૨૩.૦૦ થી સવાર કલાક ૦૬.૦૦ દરમિયાન** વાહન વ્યવહારની અવર–જવર માટે બંધ રહેનાર છે.

સદરહું કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

અ.નં.	વાહનોની અવર–જવર માટે પ્રતિબંધિત માર્ગ	વૈકલ્પિક માર્ગ
૧.	દિલ્હી દરવાજાથી ઇન્કમટેક્ષ તરફનો એક તરફનો માર્ગ તા.૨૯/૧૧/૨૦૨૫ થી તા.૧/૧૨/૨૦૨૫ સુધીના ફક્ત રાત્રી કલાક ૨૩.૦૦ થી સવાર કલાક ૦૬.૦૦ દરમિયાન વાહન વ્યવહારની અવર–જવર માટે બંધ રહેશે.	ઇન્કમટેક્ષ તરફથી દિલ્હી દરવાજા સુધીનો એક તરફનો માર્ગ વાહનોની અવર–જવર માટે ચાલુ રહેનાર છે.

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા.૨૭/૧૧/૨૦૨૫

(એન.એન.ચૌધરી)
સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક,અમદાવાદ શહેર